# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા

કિચન બ્લોક, જોરાવર પેલેસ, પાલનપુર, જિ. બનાસકાંઠા

(ISO 9001:2008 Certified)

Phone No.(02742) 257055 Email Id: bnsdeo@gmail.com


ક્રમાંક:- હિસાબી-૩/કેમ્પ/ઉ.પ.ધો./૨૦૨૧/૯૬૨૭-૯૮૪ તા. ૧૬/૦૨/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા.શાળાઓ,
તમામ, <u>જિલ્લો: બનાસકાંઠા</u>

વિષય : ઉચ્ચતર પગાર ધોરણની દરખાસ્તો મોકલી આપવા બાબત...
(તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા:૩૧/૧૨/૨૦૧૮ના સમયગાળાની જ )

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે તમારી શાળામાં ફરજ બજાવતાં જે તે કર્મચારી કે જેઓને ઉચ્ચતર પગાર ધોરણ નીચે દર્શાવેલ સમયગાળા દરમિયાન મળવાપાત્ર હોય તેવા કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણના કેસો નીચે દર્શાવેલ તારીખ અને સ્થળે તમારી શાળાના જાણકાર અને જવાબદાર <u>એક કર્મચારી સાથે</u> સાધનિક કાગળો સહીતની દરખાસ્તો સાથે હાજર રહેવા આથી જણાવવામાં આવે છે.

<u>ખાસ નોંધ :- ઉ.પ.ધો દરખાસ્ત બે અલગ- અલગ ફાઇલમાં તેમજ બંન્ને ફાઇલમાં આદેશની નકલ, પત્રક-૩/૪ની નકલ, બઢતી સમિતિના ઠરાવની નકલના દરેક પેજ ઉપર સ્ટેપલપીન થી ફ્લેગ અવશ્ય ચોંટાડવાના રહેશે.</u>

- તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા. ૩૧/૧૨/૨૦૧૮ સુધીમાં ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર હોય માત્ર તેવા જ કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણના કેસો રજુ કરવાના રહેશે (અગાઉના વાંધામા પરત આપેલ કેસો તેમજ દર્શાવેલ સમયગાળા સિવાયના કેસો સદર કેમ્પમાં રજુ કરવાના રહેશે નહી)
- તા. ૩૧/૧૨/૨૦૨૧ સુધીમાં નિવૃત થયેલ અને નિવૃત થનાર કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણના કેસો રજુ કરવાના રહેશે.
- નવનિયુક્ત આચાર્યશ્રીઓ કે જેનું આચાર્ય તરીકેની પગાર બાંધણી ના થયેલ હોય અને મદદનીશ શિક્ષક તરીકેનું પ્રથમ/દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ લેવાનું થતુ હોય તેવા તમામ આચાર્યશ્રીઓના ઉચ્ચતર પગાર ધોરણના કેસો (આ પ્રકારના કેસોમાં કર્મચારી મદદનીશ શિક્ષક તરીકે અત્રેના જિલ્લાની જે શાળામાં ફરજ બજાવતા હતા તે શાળામાંથી દરખાસ્ત મોકલવાની રહેશે.)

જે કર્મચારીઓને ઉપર દર્શાવેલ વિગતે ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર હોય તેવા તમામ કર્મચારીઓની સેવાપોથીઓ સહિત <u>નીચે દર્શાવેલ પત્રકમાં જણાવ્યા પ્રમાણે ક્રમ મુજબ જ</u> બે પાકા પુઠાની ફાઇલોમાં તમામ સાધનિક કાગળો સાથે શાળાના જવાબદાર વહીવટી કર્મચારીએ જ હાજર રહેવાનું રહેશે. ઉ.પ.ધો પાત્રતા ધરાવતા જે તે સબંધિત કર્મચારીએ કેમ્પના સ્થળે હાજર રહેવુ નહી આ ઉપરાંત ઉપર દર્શાવેલ વિગતે ઉચ્ચતર પગાર ધોરણ

મળવાપાત્ર ના હોય તો તેવી શાળાઓના કર્મચારીએ હાજર રહેવાનું રહેશે નહિ અન્યથા તેમની વિરુધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવા સંબંધિત સંચાલક મંડળને જાણ કરવાની ફરજ પડશે.

ઉચ્ચતર પગાર ધોરણની દરખાસ્તને નીચે દર્શાવેલ ક્રમ મુજબ તમામ આધારો સાથે બે ફાઈલમાં દરખાસ્ત તૈયાર કરી શાળાના જાણકાર કર્મચારી સાથે કેમ્પમાં રજુ કરવાની રહેશે:

| ક્રમ નંબર | ઓફિસ કોપીમાં રજુ કરવા અંગેના આધારો | DAT કચેરીએ મોકલવાના થતા આધારો |
|---|---|---|
| ૧ | શાળાનો ફોરવર્ડીંગ | |
| ૨ | ઉ.પ.ધો. માટેનું ચેકલીસ્ટની એક નકલ | ઉ.પ.ધો. માટેનું ચેકલીસ્ટની એક નકલ |
| ૩ | આદેશની એક નકલ | આદેશની બે નકલ ફ્લેગ ચોંટાડી સ્ટેપલરપીન મારી |
| ૪ | પત્રક-૩/૪ની એક નકલ | પત્રક-૩/૪ ની બે નકલ ફ્લેગ ચોંટાડી સ્ટેપલરપીન મારી |
| ૫ | ઉ.પ.ધો. મળવાપાત્ર થાય તેવા કર્મચારીની વિગત દર્શાવતું પત્રક | ઉ.પ.ધો. મળવાપાત્ર થાય તેવા કર્મચારીની વિગત દર્શાવતું પત્રક |
| ૬ | અનુસુચિઓ ૨ થી ૬ ની એક નકલ | અનુસુચિઓ ૨ થી ૬ ની એક એક નકલ |
| ૭ | નાણા વિભાગના તા. ૦૧/૦૧/૨૦૧૯ ના ઠરાવ સાથેનું બાહેધરી પત્રક ની એક નકલ | નાણા વિભાગના તા. ૦૧/૦૧/૨૦૧૯ ના ઠરાવ સાથેનું બાહેધરી પત્રક ની એક નકલ |
| ૮ | વિકલ્પનું ફોર્મ ની એક નકલ (વિકલ્પ મળવાપાત્ર હોય માત્ર તેવા કેસોને લાગુ પડશે.) | વિકલ્પનું ફોર્મ ની એક નકલ (વિકલ્પ મળવાપાત્ર હોય માત્ર તેવા કેસોને લાગુ પડશે.) |
| ૯ | હાયર સ્કેલનું પત્રક | હાયર સ્કેલનું પત્રક એક એક નકલમાં |
| ૧૦ | બઢતી સમિતિના ઠરાવની એક નકલ | બઢતી સમિતિના ઠરાવની બે નકલ ફ્લેગ ચોંટાડી સ્ટેપલરપીન મારી |
| ૧૧ | સીસીસી પરીક્ષા પાસ કર્યા અંગેનુ પ્રમાણપત્ર અને જાહેરનામાની એક પ્રમાણિત નકલ | સીસીસી પરીક્ષા પાસ કર્યા અંગેનુ પ્રમાણપત્ર અને જાહેરનામાની એક પ્રમાણિત નકલ |
| ૧૨ | હિન્દી પરીક્ષા પાસ કર્યા અંગેનું પ્રમાણપત્રની એક પ્રમાણિત નકલ | હિન્દી પરીક્ષા પાસ કર્યા અંગેનું પ્રમાણપત્રની એક પ્રમાણિત નકલ |
| ૧૩ | સાતમા પગારપંચના સ્ટીકરની એક પ્રમાણિત નકલ | સાતમા પગારપંચના સ્ટીકરની એક પ્રમાણિત નકલ |
| ૧૪ | છેલ્લા પાચ વર્ષના ખાનગી અહેવાલની પ્રમાણિત નકલ | છેલ્લા પાચ વર્ષના ખાનગી અહેવાલની પ્રમાણિત નકલ |
| ૧૫ | છેલ્લા પાંચ વર્ષનું કર્મચારીએ ધોરણ ૧૦/૧૨ માં લીધેલ વિષયનું તથા શાળા અને બોર્ડના પરીણામની વિગત | છેલ્લા પાંચ વર્ષનું કર્મચારીએ ધોરણ ૧૦/૧૨ માં લીધેલ વિષયનું તથા શાળા અને બોર્ડના પરીણામની વિગત |
| ૧૬ | અન્ય જરૂરી આધારો | અન્ય જરૂરી આધારો |
| | | અસલ સેવાપોથી તમામ (સાતમાં પગાર પંચ મુજબના કેસોમાં સાતમાં પગાર પંચનું અસલ સ્ટીકર સેવાપોથીમાં સામેલ રાખવું) |

<u>દરખાસ્ત અંગે ધ્યાનમાં રાખવાના અન્ય જરૂરી મુદ્દાઓ:</u>

- ૩૧/૧૨/૨૦૧૫ સુધીના છઠ્ઠા પગારપંચ પ્રમાણેના ઉચ્ચતર પગાર ધોરણના કેસોમાં ક્રમ નંબર ૭ અને ક્રમ નંબર ૧૨ લાગુ પડશે નહિ.
- પટાવાળાના ઉચ્ચતર પગાર ધોરણના કેસોમાં ક્રમ નં. ૧૦ લાગુ પડશે નહિ.
- ક્રમ નં. ૧૧ માં પટાવાળાના ઉચ્ચતર પગાર ધોરણના કેસોમાં ધોરણ ૭ કે તેની સમકક્ષ હિન્દી પાસ કર્યાના પ્રમાણપત્રની નકલ સામેલ રાખવાની રહેશે.
- સી.સી.સી. પરીક્ષા અને હિન્દીની પરીક્ષા પાસ કર્યા અંગેની અથવા મુક્તિ મળ્યા અંગેની સેવાપોથીમાં નોંધ કરેલ હોવી જોઇએ.
- સેવાપોથીમાં પ્રથમ નિમણૂંક અંગેની અધિકૃત નોંધ થયેલ હોવી જોઇએ.
- સેવાપોથીમાં કર્મચારીની જન્મ તારીખ આચાર્ય દ્રારા સહી સિક્કો કરી પ્રમાણિત કરેલ હોવી જોઇએ.
- આર.ઓ.પી.-૦૯ મુજબ તા. ૩૧/૧૨/૨૦૧૫ સુધીના વર્ષવાઇઝ મંજુર કરેલ ઈજાફાની નોંધ અને આર.ઓ.પી.-૨૦૧૬ મુજબ તા. ૦૧/૦૭/૨૦૨૦ સુધીના વર્ષવાઇઝ મંજુર કરેલ ઈજાફાની નોંધ સેવાપોથીમાં કરેલ હોવી જોઇએ.
- સેવાપોથીમાં આચાર્ય દ્વારા ઉચ્ચતર પગાર ધોરણ અંગેની પગાર બાંધણી સહી અને સિક્કા સાથે કરવાની રહેશે.
- ફાજલનું રક્ષણ મળેલ હોય તો તે અંગેની વિગતવાર નોંધ સેવાપોથીમાં કરવાની રહેશે અને તે અંગેના આધારો દરખાસ્તમાં સામેલ રાખવાના રહેશે.
- ઉચ્ચતર પગાર ધોરણની દરખાસ્તના કચેરી આદેશમાં જાવક નંબર અને તારીખ તથા પત્રક-૩/૪ની દરેક કોલમની વિગત ભરવાની રહેશે.
- બિનપગારી રજા ભોગવેલ હોય તો તેનું પત્રક દરખાસ્ત સાથે સામેલ રાખવું અને જે તારીખની બિનપગારી રજા ભોગવેલ હોય તે અંગેની સેવાપોથીમાં નોંધ થયેલ હોવી જોઇએ.
- <u>બઢતી સમિતિના ઠરાવમાં શિક્ષણ વિભાગના તા. ૧૭/૦૧/૧૯૯૫ ના ઠરાવ મુજબ નિયત થયેલ ચાર હોદ્દેદારની સહી મેળવ્યા બાદ દરખાસ્ત રજુ કરવાની રહેશે અન્યથા દરખાસ્ત સ્વીકરવામાં આવશે નહિ.</u>
- ઉક્ત સમયગાળાના કર્મચારીઓની ઉ.પ.ધો.ની દરખાસ્તોની કામગીરી પૂર્ણ થયેથી તે પછીના સમયગાળાની ઉ.પ.ધો.ની દરખાસ્તો આગામી સમયમાં રજુ કરવા જણાવવામાં આવશે.
- **<u>સદર કેમ્પમાં જુ.ક્લાર્ક, સિ.ક્લાર્ક તેમજ ઉદ્યોગ શિક્ષકોની ફાઈલ રજુ કરવાની રહેશે નહી તેની ખાસ નોંધ લેવી.</u>**

**<u>ખાસ નોંધ</u>** :- ઉપર જણાવેલ સુચના મુજબની સંપૂર્ણ વિગતોની ચકાસણી કર્યા બાદ જ સંબંધિત સંસ્થાના આચાર્યશ્રીએ ઉ.પ.ધો.ની ફાઈલ રજુ કરવાની રહેશે. અધુરી દરખાસ્ત હશે તો તેવી દરખાસ્તો સ્વીકારવામાં આવશે નહિ અને દરખાસ્ત અંગે વિલંબ થશે તે અંગેની સંપૂર્ણ જવાબદારી શાળાની રહેશે.

<u>કેમ્પનું સ્થળ અને તારીખ:</u>

| ક્રમ | તારીખ | દરખાસ્ત રજુ કરવાનો સમય | તાલુકો | સ્થળનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૨૨/૦૨/૨૦૨૧ (સોમવાર) | સવારે ૧૦:૩૦ થી ૧૫ : ૦૦ કલાક સુધી | પાલનપુર, લાખણી, દાંતા, વાવ, સુઇગામ | માતૃશ્રી એસ.બી.વી.ચાવડા સરસ્વતી હાઈસ્કુલ ઢુંઢીયાવાડી પાલનપુર |
| ૨ | ૨૩/૦૨/૨૦૨૧ (મંગળવાર) | સવારે ૧૦:૩૦ થી ૧૫ : ૦૦ કલાક સુધી | ડીસા, દાંતીવાડા, ભાભર, દિયોદર, કાંકરેજ | માતૃશ્રી એસ.બી.વી.ચાવડા સરસ્વતી હાઈસ્કુલ ઢુંઢીયાવાડી પાલનપુર |
| ૩ | ૨૪/૦૨/૨૦૨૧ (બુધવાર) | સવારે ૧૦:૩૦ થી ૧૫ : ૦૦ કલાક સુધી | વડગામ, થરાદ, ધાનેરા, અમીરગઢ | માતૃશ્રી એસ.બી.વી.ચાવડા સરસ્વતી હાઈસ્કુલ ઢુંઢીયાવાડી પાલનપુર |

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા જિલ્લો પાલનપુર

નકલ રવાના જાણ અને અમલ સારૂ :-

- હિસાબી અધિકારીશ્રી (વર્ગ-૨) તેમજ શિક્ષણ નિરીક્ષકશ્રીઓ તમામ (વર્ગ-૨) સદર કચેરી...
- આચાર્યશ્રી, માતૃશ્રી એસ.બી.વી.ચાવડા સરસ્વતી હાઈસ્કુલ ઢુંઢીયાવાડી પાલનપુર તરફ જાંણ તેમજ યોગ્ય વ્યવસ્થા કરવા સારૂં ....